અપીલ અરજી નં.૨૫૪ તા.૭–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી એન.ડી. કાબરાવાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી એન.ડી. કાબરાવાળાની તા.૧૧–૬–૦૯,તા.૯–૭–૦૯ આઈ.ડી.૧૫૯/૧૬૦ ,આઈ.ડી.નં.૨૫૭ થી ૨૬૦ તા.૧૬–૯–૦૯ નીઅરજીથી મોજે રાંદેર, તા.સીટી, જી.સુરતના રેવન્યુ સર્વે નં.૨૪૧ પૈકીની ખેતીની જમીન જેનો સુ.મ.પા. વેસ્ટઝોન કચેરી, રાંદેર–અડાજણ, ટી.પી.યોજના નં.૧૪ નો ફા.પ્લોટ નં.૮ ના વોર્ડ નં.૧૬ડી–૦૧૬૧–૦–૦૦૧ થી ૦૫૩ ખેતીની જમીનમાં આવેલી દિવ્ય પ્રભા કો.ઓ.હા.સો.લી. અને સદર જમીનનાં માલિકો નિર્મળાબેન ઉર્ફે સુધાબેન શશીકાંત દુધવાળા અને સુરેખાબેન શાંતિલાલ દુધવાળા છે. તેને લગતી માહિતી જાણકારી અને નકલો, દસ્તાવેજો, પુરાવાઓ તથા સુ.મ.પા.ના નીતી નિયમ ઠરાવો, કાયદાઓ વિગેરેની માહિતીઆપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૫૪/૨૦૦૯–૧૦

શ્રી એન.ડી. કાબરાવાળાની તા.૧૧–૬–૦૯, તા.૯–૭–૦૯ આઈ.ડી.૧૫૯/૧૬૦ ,આઈ.ડી.નં.૨૫૭ થી ૨૬૦ તા.૧૬–૯–૦૯ નીઅરજીથી મોજે રાંદેર, તા.સીટી, જી.સુરતના રેવન્યુ સર્વે નં.૨૪૧ પૈકીની ખેતીની જમીન જેનો સુ.મ.પા. વેસ્ટઝોન કચેરી, રાંદેર–અડાજણ, ટી.પી.યોજના નં.૧૪ નો ફા.પ્લોટ નં.૮ ના વોર્ડ નં.૧૬ડી–૦૧૬૧–૦–૦૦૧ થી ૦૫૩ ખેતીની જમીનમાં આવેલી દિવ્ય પ્રભા કો.ઓ.હા.સો.લી. અને સદર જમીનનાં માલિકો નિર્મળાબેન ઉર્ફે સુધાબેન શશીકાંત દુધવાળા અને સુરેખાબેન શાંતિલાલ દુધવાળા છે. તેને લગતી માહિતી જાણકારી અને નકલો, દસ્તાવેજો, પુરાવાઓ તથા સુ.મ.પા.ના નીતી નિયમ ઠરાવો, કાયદાઓ વિગેરેની માહિતીઆપવા બાબતે માંગ્યા મુજબની માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૯૦ તા.૧૩–૧૧–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અરજદારને મુળ અરજીની નકલો, ફી ભર્યાની વિગત જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. જયારે અરજદાર ધ્વારા તા.૨૪–૧૧–૦૯ ના પત્રની અરજીથી સ્વીકૃતિ પહોંચ નહીં મળેલ હોવાની રજૂઆત કરી વેસ્ટઝોનના આઈ ડી.૨૫૭ થી ૨૬૦ સુધીની ચાર અરજીઓની માહિતી બાબતે રજૂઆત કરેલ છે. વિગતો જોતાં સદર અરજીઓ અંગે અરજદારે અલાયદી અપીલો પણ કરેલ હોઈ લાગત અપીલ સાથે તેનો નિકાલ કરવો રહે.

અરજદારની તા.૧૧–૬–૦૯, તા.૯–૭–૦૯ આઈ.ડી.૧૫૯/૧૬૦ ,આઈ.ડી.નં.૨૫૭ થી ૨૬૦ તા.૧૬–૯–૦૯ નીઅરજીથી મુદ્દા નં.(૧) મોજે રાંદેર, તા.સીટી, જી.સુરતના રેવન્યુ સર્વે નં.૨૪૧ પૈકીની ખેતીની જમીન જેનો સુ.મ.પા. વેસ્ટઝોન કચેરી, રાંદેર–અડાજણ, ટી.પી.યોજના નં.૧૪ નો ફા.પ્લોટ નં.૮ ના વોર્ડ નં.૧૬ડી–૦૧૬૧–૦–૦૦૧ થી ૦૫૩ ખેતીની જમીનમાં આવેલી દિવ્ય પ્રભા કો.ઓ.હા.સો.લી. અને સદર જમીનનાં માલિકો નિર્મળાબેન ઉર્ફે સુધાબેન શશીકાંત દુધવાળા અને સુરેખાબેન શાંતિલાલ દુધવાળા છે. તેને લગતી માહિતી જાણકારી અને નકલો, દસ્તાવેજો, પુરાવાઓ તથા સુ.મ.પા.ના નીતી નિયમ ઠરાવો, કાયદાઓ વિગેરેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૯–૭–૦૯ ની અરજી અંગે પત્ર નં.૨૫૨ તા.૭–૮–૦૯ થી માહિતી આપેલ તેની નકલ અત્રે મોકલેલ છે. જે અનુસાર વોર્ડ નં.૧૬ રાંદેર રે.સ. નં.૨૪૧ ના બાંધકામના લે આઉટ પ્લાનની મંજુરી ઈનવર્ડ નં.૧૦૦૯૬ તા.૨૩–૧૨–૮૧ થી આપવામાં આવેલ છે જે નકલના રૂા.૧૦૦/– ભર્યેથી મળી શકશે. મુદ્દા નં. (૨) એજન વિગતની જમીન મિલ્કતમાં બાંધકામ કરવા, કરાવવામાં આપેલી રજાચિઠ્ઠીની નામ સરનામાં સાથેની માહિતી સાથે સહી સિકકાવાળી સર્ટીફાઈડ નકલ આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર જમીનમાં બાંધકામ કરવા માટેની રજાચિઠ્ઠી સુધાબેન શશીકાંત દુધવાલા તથા બીજા **C/O** સી.એમ. માંડવીવાલા ૨/૮ સીંગાપુરીની વાડી સલાબતપુરા સુરતના નામે આપવામાં આવેલ છે. સદર રજાચિઠ્ઠીની નકલના રૂા.૪/– ભર્યેથી મળી શકશે. મુદ્દાનં.૩ એજન વિગતની જમીન મિલ્કતમાં પ્લમ્બીંગ સેનીટેશન કરવા કરાવવા માટે મંજુર કરવામાં આવેલ પ્લાનની (સબંધિત જે પ્લાન હોય ) તે સહી સિકકાવાળી સર્ટીફાઈડ પ્લાનની નકલ આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૧૨ (રાંદેર–અડાજણ) માં રે.સ. નં.૨૪૧ માં આવેલ દિવ્યપ્રભા કો.ઓ. હા.સો.લિ. સોસા.ના પ્લમ્બીંગ સેનીટેશન બાબતે રેકર્ડ રજીસ્ટર મુજબ પ્રમુખ ધ્વારા ડ્રેનેજ કનેકશનની અરજી કરી ડ્રેનેજ કનેકશન ચાર્જ રૂા.૨૪૦૦૦/– રસીદ નં.૨૪ ૪૦૧ તા.૧૯–૧–૯૮ થી અત્રેની કચેરીમાં કરવામાં આવેલ છે. સબંધિત સહી સિકકાવાળા પ્લાન અત્રેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ઉપલબ્ધ હોવાનું જણાતું નથી. મુદ્દા નં.૪ એજન વિગત જમીન મિલ્કતમાં વસવાટ માટે આપેલી પરવાનગી મંજુરીની પ્લોટ નં.૦૦૧ થી ૦૫૩ ની નામ સરનામાં સાથે પૂરેપૂરી માહિતી સાથેની પ્લોટ પ્રમાણે જુદી જુદી સહી સિકકાવાળ ી સર્ટીફાઈડ નકલ આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર સોસા.માં વસવાટ પરવાનગી ટીડીઓ/નં. ૬૨૪તા.૭–૫–૮૭ થી

આપવામાં આવેલ છે. જેની નકલના રૂા.ર/– અત્રેની કચેરીએ ભર્યેથી મળી શકશે. મુદ્દા નં.(પ) એજન વિગત જમીન મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર ઉપરાંત પહેલો માળ અને તેનાથી વધુ માળો જે તે પ્લોટો ઉપર સ્વતંત્રપણે વધુ બાંધકામ કરવા માટેની પરવાનગીઓ જેમાં વધારાનો બાંધકામ પ્લાન, પ્લમ્બીંગ વિગેરેની પૂરેપૂરી માહિતી સાથેના પ્લાન મંજુરી પરવાનગી નકલોની સહી સિકકાવાળી સર્ટીફાઈડ નકલ આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર જમીનમાં સ્વતંત્રપણે વધુ બાંધકામ કરવા માટેની પરવાનગી અત્રેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. એવું જણાવેલ છે.અરજદારે અપીલ અરજીમાં માહિતી કચેરીના દફતરે હોવા છતાં મળતી નથી અને અનેકવાર અરજી કરવી પડે છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને પત્ર નં.આરટીઆઈ સ ેલ/૯૬૩ તા.૩–૧ર–૦૯થી તા.૮–૧ર–૦૯ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહી તા.૧૧–૬–૦૯ તથા તા.૯–૭–૦૯ ની અરજી બાબતે મારી કોઈ રજૂઆત નથી તેથી તા.૪–૧૧ –૦૯ ની અપીલમાં કોઈ દાદ માંગેલ નથી. તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૬–૦૯ તથા તા.૯–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે સુનાવણી દરમ્યાન અપીલ બાબતે કોઈ દાદ માંગેલ નથી. અરજદારની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તથા ઉપલબ્ધ દફતરી માહિતી નિયત ફી જમા કરાવ્યેથી પૂરી પાડવા તૈયારી પણ દર્શાવેલ છે. જેથી આ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તે માહિતી જાહેર માહિતી અધિકારીએ જણાવેલ ફી ભરી મેળવી લેવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ર – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને જાણ તથા અમલ માટે
(ર) શ્રી એન.ડી. કાબરાવાળા